પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 21 ડીસેમ્બર 2016

## આરબીઆઈ પાંચ અધિકૃત વિક્રેતા બેંકો (ઓથોરાઈઝડ ડીલર બેન્કસ) પર નાણાકીય દંડ લગાવે છે

ભારતીય રિઝર્વ બેન્કે નીચેની પાંચ બેંકો પર રિઝર્વ બેંક ઓફ઼ ઇન્ડિયા ની ફ઼ોરીન એક્ષ્ચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 (ફ઼ેમા) ની રીપોર્ટીંગ આવશ્યકતાઓ પર ની સૂચનાઓ નું ઉલ્લંઘન કરવા બદલ નાણાકીય દંડ લગાવેલો છે. દંડ ની રકમ ની વિગતો નીચે પ્રમાણે છે:

| અનુ. નંબર. | બેંક નું નામ | દંડ ની રકમ (રૂપિયા માં) |
|---|---|---|
| 1 | બેંક ઓફ઼ અમેરિકા | 10000 |
| 2 | બેંક ઓફ઼ ટોકિયો મિત્સુબિશી | 10000 |
| 3 | Deutsche Bank | 20000 |
| 4 | ધી રોયલ બેંક ઓફ઼ સ્કોટલેંડ | 10000 |
| 5 | સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક | 10000 |

ભારતીય રિઝર્વ બેંક દ્વારા સમય સમય પર જારી કરાયેલ સૂચનાઓ/ નિર્દેશો/ માર્ગદર્શિકાઓ ના ઉલ્લંઘન ને ધ્યાનમાં લઈ, ફ઼ેમા, 1999 ની કલમ 11(3) ની જોગવાઈઓ હેઠળ રિઝર્વ બેંક ને મળેલ સત્તાઓ નો ઉપયોગ કરી દંડ લગાવવામાં આવેલો છે.

ભારતીય રિઝર્વ બેન્કે બેંકો ને કારણદર્શી નોટીસ ઈસ્યુ કરેલી હતી જેના પ્રત્યુત્તર માં બેન્કોએ લેખિત જવાબો રજુ કર્યા હતા અને તેના પર મૌખિક રજૂઆતો પણ કરી હતી. આ સંબંધ માં કેસો ની વિગતો અને બેંકો ના જવાબો પર વિચારણા કરીને રિઝર્વ બેંક એવા નિષ્કર્ષ પર આવી કે ઉલ્લંઘનો પ્રમાણભૂત હતા અને દંડ લગાવવો જરૂરી હતો.

અજીત પ્રસાદ

સહાયક સલાહકાર

પ્રેસ પ્રકાશન:2016-2017/1604